# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ


સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૭૮ તા.૨૬.૦૨.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૩/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી કિરણબેન સમીરભાઈ જોષી ગામ – જામનગર

સબડીવીઝન: દરબાર ગઢ

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૧

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: સોમવાર (૦૮.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૨.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, સવિનય સાથે જણાવવાનું કે કિરણબેન સમીરભાઈ જોશી ના નામથી ગ્રાહક નંબર ૩૨૩૧૪/૦૭૧૨૭/૧ નું મીટર કનેક્શન છે. તેમાં ડિસેમ્બર- જાન્યુઆરી ૨૦૨૦ નું બિલ અચાનક જ રૂપિયા ૧૮૦૦૦/- નું વધીને આવેલ છે. આ ગ્રાહક નંબર નું ઓક્ટોબર - નવેમ્બર ૨૦૧૯ નું બિલ માત્ર રૂ ૫૫૦/- હતું.

આ અંગે દરબારગઢ જીઈબી માં અરજી કરતા મીટર બદલી અને નવું મીટર લગાવેલ તથા જુના મીટરમાં લેબોરેટરી ટેસ્ટિંગ કરાવતા રિપોર્ટમાં સામાન્ય આવેલ છે તથા મીટરમાં અમારા તરફથી

કોઈ જ છેડછાડ કરવામાં નથી આવેલ તેવું જણાવેલ છે તો આ મીટરમાં કોઈ મીટરના ટેકનિકલ કારણસર રીડિંગમાં જમ્પ આવી ગયેલ હોઈ જ શકે અથવા કોઈ અન્ય ટેકનિકલ કારણથી મીટર રીડીંગ માં જમ્પ આવી ગયેલ હોઈ શકે જેમાં અમારા તરફથી કોઈપણ પ્રકારની મીટરમાં ગેરરીતિ કરેલ નથી તથા અમારો કોઈ દોષિત હેતુ પણ નથી તો આપ શ્રી ને અમારી અરજી ધ્યાને લઇ અને વધારે આવેલ રીડિંગ બાદ કરી આપી અને ન્યાય આપવા વિનંતી.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે..

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહકશ્રીની વિજ બીલ બાબતની રજુઆત અન્વયે સબંધિત પેટા વિભાગીય કચેરી પાસેથી મેળવેલ વિગત અને માહિતી નીચે મુજબ છે.

અરજદારનુ નામ/ગામ :શ્રી કિરણબેન સમીરભાઇ,જામનગર

ગ્રા.નં-૩૨૩૧૪/૦૭૧૨૭/૧,કેટેગરી-RGPU

કોન્ટ્રાક્ટ લોડ :૧.૦કિ.વો.

કનેકશન તા.૨૨.૦૫.૨૦૧૫

3.૧ તા.૦૩.૦૨.૨૦૨૦ ના ડીસે.-જાન્યુ ૨૦ ના બીલીંગ સમયે ૪૦૭૩ થી ૬૩૨૪ રીડીંગનુ વપરાશ મુજબનુ ગ્રાહકશ્રીને ૨૨૫૧ યુનિટ નુ બીલ આપવામા આવેલ છે..

* ફાસ્ટ મીટરની રુબંરૂ રજુઆત કરતા ઓફિસ દ્વારાતા.૦૭.૦૨.૨૦ ના રોજ પ્રફોર્મા-૧૫ નં-૭૫૭૯૬ થી વિવાદિત મીટર બદલવામા આવેલ.જેમાં કુલ લોડ ૩.૨૭૬ કિ.વોટ જોડાયેલ હતો.

*તા.૧૨.૦૨.૨૦ ના રોજ મીટરનુ લેબરોજકામ શીટ નં ૯૭૯૬૬ થી કરવામા આવેલ,જેમા મીટરને ટેસ્ટ બેંચ ઉપર ટેસ્ટ લેતા પરીણામ +૦.૫૭% આવેલ તેમજ મીટરને કોમ્પુટર સાથે જોડી MRI લેતા કોઈ પણ જાતની એબ્નોર્માલીટી આવેલ નહિ.

3.૨ MRI Data નો અભ્યાસ કરતા કોઈ પણ જાતની એબ્નોર્માલીટી જોવા મળેલ નથી. MRI Dataનો વધુ અભ્યાસ કરતા માલુમ પડે છે કે તા.૧૭.૧૧.૨૦૧૯ થી ૨૩.૧૨.૨૦૧૯ સમય ગાળા દરમ્યાન ગ્રાહક ની એમ.ડી. ૨.૮૨ કી.વો. આવેલ છે તેમજ ૮૬૦.૧૦ યુનિટનો વપરાશ નોધાયેલો છે. ત્યારબાદ તા. ૨૩.૦૧.૨૦૨૦ અને તા.૦૧.૦૨.૨૦૨૦ના MRI Data મુજબ અનુક્રમે ૨.૯૬ કી/વો. અને ૨.૮૬ કી/વો. લોડ નોધાયેલ છે.

3.3 દરબારગઢ પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહક ને ડીબીજી/રેવ/૨૦/૧૦૯૦ તા. ૦૬.૦૩.૨૦૨૦ થી ગ્રાહક ને તા. ૧૮.૦૩.૨૦૨૦ ના ૧૬;૦૦ કલાકે હાજર રહેવા જાણ કરેલ તે મુજબ ગ્રાહક પ્રતિનીધી શ્રી હાજર રહેલ અને તેને વિવાદિત મીટરના લેબરોજકામ, MRI Data ,સ્થળરોજકામ,૧૪૫ પીઆરટી મુજબ સરેરાશ વિજ વપરાશ ધ્યાને લઇ સમજાવેલ જે મુજબ ગ્રાહકશ્રીના વિજ બીલ મા બાદ આપવાનુ થતુ ના હોઇ અને ગ્રાહક પ્રતિનીધી સંતુષ્ટ ના હોઇ આ કેસ ને ફોરમ ની કમીટી મા રીફર કરવામા આવે છે. જેની જાણ ગ્રાહક પ્રતિનીધી ને કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને આપવામાં આવેલ બિલ ૩.૨ અને ૩.૩ મુજબ નિયમ મુજબ આપવામાં આવેલ છે.જે અરજદાર શ્રી ને ભરપાઈ કરવા માટે બંધનકર્તા રહશે. તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯